**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આરતી ભટ્ટ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 07-09-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

------------------------------------------------------

## ગણેશ ચતુર્થી અને સવંત્સરી પર્વની ઉજવણી

રાજ્યભરમાં આજે ગણેશ ચતુર્થી અને સંવત્સરી પર્વની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

કચ્છભરમાં ગણશે ઉત્સવનો દબદબાભેર આરંભ થયો છે. જેમાં વિવિધ સાર્વજનિક મંડળો દ્વારા વિશાળ પંડાલોમાં ગંજાનંદની મંગલ મૂર્તિનું સ્થાપન કરાયું છે.

ભુજમાં મહારાષ્ટ્રિયન મંડળ અને પોલીસ લાઇનમાં લગભગ અર્ધી સદીથી આ પર્વ દસ દિવસ ઉજવાય છે. અન્ય જાહેર સ્થળોએ પાંચ દિવસ ઉજવણી થાય છે. જ્યારે લોકો ઘરોમાં એકથી ત્રણ દિવસથી ગણપતિની મૂર્તિની સ્થાપના કરી તેનું પૂજન કરે છે. આ ઉત્સવ

દરમિયાન મહાઆરતી, સંતવાણી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ / N.P. આરતી ભટ્ટ**

---

## ગુજરાત વીજ કંપની દ્વારા કામગીરી

સૌરાષ્ટ્રના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને કચ્છના માંડવી, મુન્દ્રા, અબડાસા સહિતના વિસ્તારોમાં વીજપોલ ધરાશાઈ થયા હતાં. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ હેઠળના 22 હજાર જેટલા વીજ પોલને વરસાદના કારણે નુકસાન થયુ હતું.. જે પૈકી 12 હજાર જેટલા વીજપોલ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પુનઃ કાર્યરત કરવામાં આવ્યા છે. જ્યારે કે 10 હજાર જેટલા વીજ પોલ હજુ પણ કાર્યરત કરવાના બાકી છે.

હાલ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા 4 હજાર 500 જેટલા મેનપાવરની મદદથી વીજ પુરવઠો કાર્યરત કરવાની કામગીરી ચાલી રહી છે. અંદાજિત 11 હજાર જેટલા ગામડાઓમાં ભારે વરસાદના કારણે વીજ પુરવઠો ખોરવાયો હોવાની ફરિયાદો મળી હતી. જે તમામ ગામોમાં હાલ વીજ પુરવઠો કાર્ય કરી દેવામાં આવ્યો હોવાનું પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજીંગ ડાયરેક્ટર પ્રીતિ શર્માએ માહિતી આપતા જણાવ્યું હતું.

**RNU અમદાવાદ**

---

## પોલીસ : તેરા તુજકો અર્પણ

રાજ્યના ડીજીપી વિકાસ સહાયની સૂચનાથી પશ્ચિમ કચ્છના ભુજ ડિવિઝન વિભાગ દ્વારા તેરા તુજકો અર્પણ પ્રોજેક્ટ અંતર્ગત છ પોલીસ સ્ટેશનના ૧૦૨ ગુનામાં રિક્વર કરાયેલો મુદ્દામાલ ભોગ બનનારને સોંપવામાં આવ્યો હતો.

પોલીસવડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ મુદ્દામાલ ભોગ બનનારને પરત કરવાની જટીલ પ્રક્રિયાને શક્ય તેટલી સરળ બનાવી લોકોને તેમનો મુદ્દામાલ પરત કર્યો હતો. પોલીસ એ પ્રજાનો મિત્ર છે તે ઉક્તિને સાર્થક કરી હતી. કોર્ટ દ્વારા અનુમતિની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આજે ભુજ શહેર એ અને બી ડીવીઝન, માધાપર, પદ્ધર, માનકૂવા અને ખાવડા પોલીસ સ્ટેશનના કુલ ૯૯ ગુના કામે કબજે કરાયેલ મુદ્દામાલ ભોગ બનનારને પરત કરાયો હતો.

**N.P. / આરતી ભટ્ટ**

---

## જિલ્લા કલેક્ટર ગણેશમૂર્તિનું વિસર્જન જાહેરનામું

ગણેશોત્સવ પૂર્ણ થયા બાદ ધાર્મિક રીત-રિવાજ મુજબ મૂર્તિઓને પાણીમાં વિસર્જન કરવામાં આવે છે. જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા જાહેરનામું જાહેર કરાયું છે જે મુજબ ઈકો ફ્રેન્ડલી અને ઝેરી ન હોય

તેવા કાચા માલમાંથી મૂર્તિઓ બનાવવાની રહેશે. પ્લાસ્ટર ઓફ પેરીસ, પ્લાસ્ટીક, થર્મોકોલ પોલીસ્ટાયરીન માંથી બનેલ મૂર્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જળાશયોમાં પ્રદૂષણ અટકાવવા માટે મૂર્તિ પર રહેલ અભૂષણો અને ફૂલોને દૂર કર્યા બાદ મૂર્તિઓને પુરતી સલામતી સાથે વિસર્જન સમયે મૂર્તિઓ નદીઓ- તળાવના કિનારે રાખવી નહીં કે તેમા પધરાવવી નહીં કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવું નહીં. આ જાહેરનામું તા.૭/૯ થી તા.૧૬/૯ સુધી અમલમાં રહેશે એમ જાહેર જાહેરનામામાં જણાવાયું હતું.

**N.P. / આરતી ભટ્ટ**

---------------------------------------------------------------------

## હવામાન વિભાગ વરસાદ

હવામાન વિભાગે આજે મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે મધ્યમથી હળવા વરસાદની આગાહી કરી છે. જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રમાં છુટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા દર્શાવી છે.. આવતીકાલ માટે હવામાન વિભાગે કચ્છ અને સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વરસાદની શક્યતા દર્શાવી છે જ્યારે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમા કેટલાંક સ્થળોએ વરસાદની આગાહી કરી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

# એસટી : ટ્રીપ મેળા માટે

પશ્ચિમ કચ્છના રાપરમાં 10 અને 11 સપ્ટેમ્બરે રવેચી માતાજીના મેળા માટે એસ.ટી. બસની 156 ટ્રીપથી 3 લાખ 3 હજાર 31 રૂપિયાની આવક મેળવવા અને ભચાઉમાં 13 અને 14 સપ્ટેમ્બરે રામદેવ પીરના મેળા માટે એસ.ટી. બસ દોડાવવામાં આવશે.

**N.P. / આરતી ભટ્ટ**

-----------------------------------------------------------------------